# ૨૮મી એપ્રિલે ખૂલતાં ઉજ્જિવાનના આઇપીઓમાં પણ અરજી કરવી

ઇક્વિટાસ હોલ્ડિંગના આઈપીઓમાં જે રીતે ૧૭ગણું ભરણું થયું અને લિસ્ટીંગ પછી પણ મજબૂતાઈ જોવાઈ રહી છે તેને કારણે ઉજ્જિવાન ફિનાન્સિયલ સર્વિસના આઈપીઓને રિટેલ ઇન્વેસ્ટરો તરફથી સુંદર રિસ્પોન્સ મળશે તે નક્કી છે. તેમ છતાં ઉજ્જિવાન કરતાં તેના બિઝનેસમાં થોડીક વિવિધતા છે, અને તેથી તે પાસાંને ધ્યાનમાં રાખીને એનાલિસિસ જોવું રહ્યું.

સને ૨૦૦૫માં સ્થપાયેલી ઉજ્જિવાન ફિનાન્સિયલ સર્વિસ મુખ્યત્વે માઈક્રો ફિનાન્સનું કામકાજ કરે છે. ભારતમાં પાનવાળાં, ચાની લારીવાળા, શાકવાળાં, રસ્તા ઉપર રમકડાં વેચતાં અસંખ્ય લોકોને રૂ. ૫૦૦૦થી રૂ. ૨૦૦૦૦ની નાની મૂડીની જરૂર પડતી હોય છે, અને સામાન્ય રીતે સરકારી બેન્કો કે નાણાં સંસ્થાઓ આવા લોકોને ધિરાણ આપવામાં ખચકાટ અનુભવે છે. પરંતુ ભારતીય અર્થતંત્રમાં આવા લોકો ખૂબજ મહત્ત્વનો હિસ્સો ધરાવે છે અને શ્રી મોદીની સરકારે આ પાસું ધ્યાનમાં રાખીને મુદ્રા બેન્ક શરૂ કરી હતી, અને સરકારની વિચારણા છે કે જો આવો નાનો બિઝનેસ કરનારા વિશાળ વર્ગ પણ વધારે કમાતા થાય, સમૃદ્ધ બને તો તેને કારણે ઓર્ગેનાઇઝ્ડ સેક્ટરમાં પણ સાબુ, કાગળ વગેરે અસંખ્ય પ્રોડક્ટોની માંગ વધવાની અને તેથી અર્થતંત્રના સર્વગ્રાહી વિકાસ માટે સરકારે માઈક્રો ફિનાન્સ ઉપર ફોકસ વધારવાનું શરૂ કર્યું છે.

ઉજ્જિવાન ફિનાન્સિયલ મુખ્યત્વે માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈસ એટલે કે એકદમ નાના બિઝનેસવાળાને વ્યક્તિગત ધિરાણ અને ગ્રૂપ લોન આપે છે. આ ઉપરાંત ખેતીમાં એકદમ નાની જરૂરિયાત હોય, શિક્ષણ માટે કે ઘરના રિપેરીંગ માટે ખૂબ નાની લોનની આવશ્યકતા હોય અથવા કે ગાય અને ભેંસ ખરીદવા માટે નાના ધિરાણની જરૂર હોય તોપણ ઉજ્જિવાન તે માટે ધિરાણ આપે છે. પરંતુ ધિરાણની સાથે સાથે તેઓ લાઈફ ઈન્સ્યોરન્સ પ્રોડક્ટો પણ ઈન્સ્યોરન્સ કંપનીઓના સહયોગમાં ઓફર કરી રહી છે.

કંપની અત્યારે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના ૨૦૯ જિલ્લાઓમાં ૨૭.૭૦ લાખ ગ્રાહકોને ધિરાણ આપે છે. અત્યારે દેશભરમાં તેની ૪૬૯ બ્રાંચ આવેલી છે, અને ૭૭૮૯ કર્મચારીઓ આ કંપની ધરાવે છે.

સેબીની વ્યાખ્યા અનુસાર આ કંપનીમાં કોઈ જ પ્રમોટર નથી.

ઇક્વિટાસની જેમ આ કંપનીને પણ સ્મોલ ફિનાન્સ બેંકનું લાઈસન્સ મળ્યું છે, અને તેથી આવતાં થોડા મહિનામાં આ કંપનીનું પણ સ્મોલ ફિનાન્સ બેન્કમાં રૂપાંતર થશે.

આ કંપની નવા શેર ઈશ્યુ કરીને રૂ. ૩૫૮.૧૬ કરોડનું ભંડોળ ઊભું કરવાની છે, અને આ ભંડોળ મુખ્યત્વે પોતાના માઈક્રો ફિનાન્સ ધિરાણને વધારવા માટે વપરાશે, જ્યારે તેના કેટલાક શેરહોલ્ડરો ૨૪૯૬૯૮૩૩૨ ઇક્વિટી શેરો પણ આ આઈપીઓમાં ઓફર કરી રહ્યા છે, અને તે રીતે આઈપીઓનું કદ રૂ. ૮૮૭.૬૯ કરોડ જેટલું મોટું છે.

> **ગ્રે માર્કેટનો ટ્રેન્ડ**
>
> **૨૮મી એપ્રિલે ખૂલી રહેલા અને ૨જી મેએ બંધ થનાર ઉજ્જિવાન ફિનાન્સિયલના આઈપીઓમાં રૂ. ૨૦૭-૨૧૦ના પ્રાઈસબેન્ડ સામે લિસ્ટીંગ રૂ. ૨૫૫થી રૂ. ૩૦૦ વચ્ચે થાય તેવો અંદાજ ગ્રે માર્કેટના ખેલાડીઓ દર્શાવે છે.**
>
> **ગ્રે માર્કેટમાં અગાઉ રૂ. ૨૫થી ૩૫ વચ્ચે પ્રિમિયમ કામકાજ શરૂ થયું હતું અને તે વખતે રૂ. ૭૦૦-૭૫૦ પટ્ટીનો ભાવ હતો. અત્યારે રૂ. ૪૦-૪૧નું પ્રિમિયમ અને પટ્ટીનો રૂ. ૧૦૦૦નો ભાવ ચાલે છે**

રૂ. ૧૦ની કિંમતના શેરમાં પ્રાઈસબેન્ડ રૂ. ૨૦૭-૨૧૦નો રાખવામાં આવ્યો છે, અને જે રીતે ઇક્વિટાસમાં પ્રાઈસબેન્ડ વચ્ચેનો તફાવત ખૂબ નાનો હતો તે જ પ્રકારની સ્ટ્રેટેજી ઉજ્જિવાને પણ અપનાવી છે, અને કંપનીના પ્રમોટરોનો પણ વિશ્વાસ હોવાનું દર્શાવે છે.

લિસ્ટીંગ બીએસઈ અને એનએસઈમાં થવાનું છે.

સને ૨૦૦૫માં સ્થપાયેલી આ કંપની આર્થિક રીતે ગરીબ પરંતુ સક્રિય સ્ત્રીઓ ઉપર પોતાનું ફોકસ ધરાવે છે, અને ખાસ કરીને ગ્રૂપ ધિરાણ મોડેલ તેણે અપનાવ્યું છે.

વ્યક્તિગત ધિરાણની સરખામણીમાં ગ્રૂપ ધિરાણમાં કેટલોક ફાયદો હોય છે, કારણ કે વ્યક્તિગત ધિરાણમાં ઘણી વખત બદઈરાદાને કારણે ધિરાણ લેનાર પૈસા પાછા ના આપે તેવું બને છે. પરંતુ ગ્રૂપ ધિરાણમાં ગ્રૂપ એટલે કે સમૂહના દબાણને કારણે આ પ્રકારના ડિફોલ્ટ થવાના ચાન્સ એકદમ ઘટી જાય છે.

છેલ્લાં ૪ વર્ષ દરમ્યાન ઉજ્જિવાનના ધિરાણો એટલે કે લોનબુકમાં વાર્ષિક ૫૧ ટકાની વૃદ્ધિ થઈ છે, અને આ ધિરાણો મુખ્યત્વે નાના બિઝનેસમેન અને ઓછી આવકવાળા ઘરોને આપવામાં આવે છે.

આ પ્રકારના બિઝનેસમાં કેટલીક મુશ્કેલીઓ પણ હોય છે. રૂ. ૧ કરોડનું ધિરાણ બેન્ક આપતી હોય અને તેમાં જેટલો કર્મચારી ખર્ચ એટલે કે મેન પાવર ખર્ચ અને એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ આવે તેની સરખામણીમાં નાના ધિરાણોમાં કર્મચારી ખર્ચ અને એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ અતિશય મોટો આવતો હોય છે, અને સાથે સાથે આ પ્રકારના ધિરાણોમાં સિક્યોરિટી આવરણ પણ ખૂબ ઓછું હોય છે, અને તે પાસું ધ્યાનમાં રાખીએ તો અગાઉ જે કડવો અનુભવ એસકેએસ માઈક્રો ફિનાન્સને થયો હતો તેવો અનુભવ ઇક્વિટાસ કે પછી ઉજ્જિવાન ફિનાન્સિયલને થાય તે સંભાવના ધ્યાનમાં રાખવી પડે. ખાસ કરીને દુકાળ પડે અથવા તો અન્ય કોઈ કુદરતી આપત્તિ વખતે આવા લોકો ધિરાણ પરત ન કરે તેવી દલીલ સાથે રાજકીય ગ્રૂપો પણ સક્રિય થઈ જાય છે, અને આ જોખમ માઈક્રો ફિનાન્સના ધંધામાં ખૂબ મોટું છે. પરંતુ આ જોખમની સામે ધિરાણો ઉપર તેમનું રિટર્ન પણ ઘણું વધારે હોય છે, અને રિઝર્વ બેન્કે પણ માઈક્રો ફિનાન્સ કંપનીઓને નોર્મલ બેન્ક કરતાં વધારે વ્યાજ લેવાની છૂટ આપેલી છે, અને તેથી આપત્તિ ન આવે તે સિવાયના વર્ષોમાં આ પ્રકારની કંપનીઓ ટોપલાઈન અને બોટમલાઈનમાં ખૂબ સુંદર વૃદ્ધિદર હાંસલ કરી શકે છે.

ભારતમાં ઉજ્જિવાન અત્યારે ત્રીજા નંબરની સૌથી મોટી માઈક્રો ફિનાન્સ કંપની છે, જ્યારે ઇક્વિટાસ હોલ્ડિંગ ચોથા નંબરના સ્થાન ઉપર છે. ડિસેમ્બર-૨૦૧૫ આખરે ઉજ્જિવાને રૂ. ૪૫૮૯ કરોડનું કુલ ધિરાણ આપ્યું હતું, અને માઈક્રો ફિનાન્સ બિઝનેસમાં તેનો હિસ્સો લગભગ ૧૧ ટકા છે.

પોતાનું જોખમ ઓછું કરવા માટે આ કંપનીએ ગ્રૂપ ધિરાણ ઉપર અને જોઈન્ટ લાયેબિલિટી મોડેલ ઉપર ફોકસ વધારે રાખ્યું છે, એટલે કે એકાદ વ્યક્તિ હાથ અદ્ધર કરે પરંતુ સમગ્ર ગ્રૂપે પૈસા આપવા પડે તે રીતે આ કંપની ધિરાણ આપે છે, અને અત્યારે ગ્રૂપ ધિરાણ કુલ ધિરાણમાં ૮૮ ટકા હિસ્સો ધરાવે છે. એક સમયે કુલ ધિરાણમાં સામૂહિક ધિરાણનો હિસ્સો ૯૬ ટકા જેટલો ઉંચો હતો. કેવળ આ પાસાંને કારણે જ ઇક્વિટાસ કરતાં પણ ઉજ્જિવાન વધારે મજબૂત હોવાનું કહી શકાય.

ડિસેમ્બર આખરે આ કંપનીની ગ્રોસ એનપીએ કેવળ ૦.૧૫ ટકા હતી જે દેશની ટોચની પ્રાઈવેટ સેક્ટર બેન્કો કરતાં પણ વધારે સારું લેવલ કહી શકાય.

વ્યક્તિગત ધિરાણોમાં કંપની કેવળ લાંબો અને મજબૂત ટ્રેક રેકોર્ડ હોય તેવા ગ્રાહકોને જ ધિરાણ આપવાનું પસંદ કરે છે. કંપની હવે માઈક્રો હાઉસિંગ ફિનાન્સના બિઝનેસમાં પણ આગળ વધી રહી છે. ઇક્વિટાસ કે જે મુખ્યત્વે તામિલનાડુમાંથી ૯૨ ટકા બિઝનેસ મેળવતી હતી તેની સરખામણીમાં ઉજ્જિવાન કોઈ એક રાજ્ય ઉપર વધારે ફોકસ નથી ધરાવતી. કર્ણાટકમાંથી ૧૫.૩ ટકા, પશ્ચિમ બંગાળમાંથી ૧૫.૧ ટકા, તામિલનાડુમાંથી ૧૨.૩ ટકા અને મહારાષ્ટ્રમાંથી ૧૩ ટકા બિઝનેસ મળે છે. એટલે એકાદ રાજ્યમાં કુદરતી આપત્તિ આવે તોપણ તેનું જોખમ ખૂબજ મર્યાદિત હોય છે.